



# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ | મે - ૨૦૨૨ | પત્ર - ૧૦૫


## 'જીવનમાં પ્રભુને કાર્ય કરવાનો મોકો આપવો'

**...મારું પારખું તો લઈ જુઓ... માલાખી ૩:૧૦**

પ્રભુ સાથેના સંબંધમાં વિશ્વાસુપણે જીવતાં દરેક પોતાના જીવનમાં પ્રભુનું કાર્ય થાય અને આશીર્વાદિત થાય તેવી ઇચ્છા રાખતા હોય છે. આ માટે પ્રાર્થનાઓ પણ કરવામાં આવે છે. પ્રભુના કાર્ય અને આશીર્વાદ માટે આપણે ઇચ્છા રાખીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ પરંતુ આ સાથે પ્રભુ સાથેના સંબંધમાં બીજી બાબતો પણ જોઈ શકાય છે જે દ્વારા પ્રભુ આપણા જીવનમાં કાર્ય કરે છે અને આપણે પ્રભુને આપણા જીવનમાં કાર્ય કરવાની તક આપીએ છીએ.

સૌથી પ્રથમ પ્રભુ ઉપર સંપૂર્ણ ભરોસો, વિશ્વાસ રાખવાનો છે. વિશ્વાસ એવી બાબત છે કે જે દ્વારા પ્રભુ દરેકના જીવનમાં કાર્ય કરે છે. હિબ્રુ ૧૧:૬ વચનમાં જણાવે છે તે પ્રમાણે ખંતથી પ્રભુને શોધનારને ફળ મળે છે તેવો વિશ્વાસ કરવો જોઈએ. માથ્થી ૮:૧૩માં જમાદારને પ્રભુએ કહ્યું કે જેવો તેં વિશ્વાસ કર્યો છે તેવું જ તને થાઓ. માથ્થી ૧૫:૨૮માં કનાની સ્ત્રીને પ્રભુએ કહ્યું કે બાઈ તારો વિશ્વાસ મોટો છે જેવું તું ચાહે છે તેવું તને થાઓ. માથ્થી ૨૧:૨૨માં પ્રભુએ કહ્યું કે જે કંઈ વિશ્વાસ રાખીને પ્રાર્થનામાં માગશો, તે સઘળું તમે પામશો. પ્રભુ આપણા જીવનમાં કાર્ય કરે માટે વિશ્વાસ કરવો જોઈએ.

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં યુસુફ, દાનિયેલ, મૂસા તથા ઘણા સંતોએ વિશ્વાસ કરી અને પ્રભુને કામ કરવાનો મોકો આપ્યો.

બીજી બાબત વિનંતી કરવાની છે. આપણા જીવનમાં ઘણી જરૂરિયાતો હોય છે. માંદગીમાંથી સાજાપણું તથા અન્ય ભૌતિક જરૂરિયાતો, નાના મોટા પ્રશ્નો, મુશ્કેલીઓ હોય છે. આ સમયે વૈદકીય સેવાઓ, વ્યક્તિઓ પાસે જઈએ છીએ. પરંતુ આ સાથે પ્રભુ કાર્ય કરે માટે પ્રાર્થના-વિનંતી પણ કરવી જોઈએ. ફિલિપ્પી ૪:૬ વચનમાં જણાવે છે તે પ્રમાણે આપણી સર્વ જરૂરિયાતો પ્રભુને જણાવવી જોઈએ. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં હાન્ના, હિઝકિયા, યૂનાએ જે તે પરિસ્થિતિમાં પ્રાર્થના વિનંતી કરી અને પ્રભુએ સહાય કરી. લૂક ૧૮:૧-૮ વચનોમાં જણાવે છે તે પ્રમાણે સર્વદા પ્રાર્થના કરવી જોઈએ અને કાયર થવું નહિ.

ત્રીજી બાબત પ્રભુને આધીન થવાની છે. પ્રભુના પવિત્ર વચનો, આજ્ઞા, શિક્ષણ પ્રમાણે પ્રભુને સંપૂર્ણ આધિન રહેવું. ૧ શમુએલ ૧૫:૨૨ વચન પ્રમાણે આજ્ઞાપાલન અને વચન માનવું સારું છે.

વ્હાલાઓ પ્રભુ ઉપર વિશ્વાસ, વિનંતી અને આજ્ઞાપાલન દ્વારા આપણા જીવનમાં પ્રભુને કાર્ય કરવાનો મોકો આપીએ. પ્રભુનું પારખું લઈ જોઈએ. પ્રભુ આપણ સર્વને તેની કૃપા આપો.

### આભાર

૪૦ દિવસોની લેન્ટની મિટીંગોમાં તથા તહેવારોની ભજનસેવામાં હાજરી આપી. જેઓએ પોતાના ઘરે મિટીંગ રાખી, ચર્ચમાં જે તે સભ્યોએ પોતાના તરફથી મિટીંગ રાખી અને નાસ્તો, ઠંડાપીણા અને ભોજનની વ્યવસ્થા આપી તથા દાનો આપ્યા. સર્વનો પુષ્કળ આભાર.

ચર્ચમાં ખજૂરીની ડાળીઓની વ્યવસ્થા કરી તથા ક્વાયરે ગીતોની સેવા આપી. સર્વનો પુષ્કળ આભાર.

### ચર્ચના પાસ્ટરેટ કમિટી હોલમાં મળેલ ખાસ ભેટ

શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા અને શ્રી ગૌરવકુમાર અરોરા કુટુંબ તરફથી પાસ્ટરેટ કમિટી હોલમાં ખૂબ જ સુંદર અત્યાધુનિક અને કિંમતી સોફાસેટ અને સાથે ડાયનીંગ ટેબલની ભેટ આપવામાં આવી. તા. ૧૭-૪-૨૨ ઈસ્ટરની ભજનસેવા બાદ આ ભેટ માટે પ્રાર્થના કરી અર્પણ કરવામાં આવ્યા. પરિવારનો પુષ્કળ આભાર.


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા.૧-૪-૨૨ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પાળક સંગત પ્રાર્થના મિટીંગ રેવ. સુરેશ સી. મેકવાન સાહેબના ઘરે રાખવામાં આવી હતી. તેમાં હાજરી આપી. રેવ. સુરેશ મેકવાન સાહેબે વચન આપ્યું.
- તા. ૨-૪-૨૨ ચર્ચમાં લેન્ટની મિટીંગ ચલાવી. જે શૈલેષભાઈ જે. માસ્ટર તરફથી સ્પોન્સર કરવામાં આવી હતી. આભાર.
- તા. ૩-૪-૨૨ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. શ્રી શામીભાઈ એ. ગામડિયાના જન્મદિવસ નિમિત્તે તેઓ તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી. આભાર.
- તા. ૩-૪-૨૨ સાંજે ચર્ચમાં લેન્ટની મિટીંગ મળી જેમાં શ્રી શામીભાઈ એ. ગામડિયા પરિવાર તરફથી તેઓના જન્મદિવસ નિમિત્તે સર્વ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૪-૪-૨૨ સાંજે ચર્ચમાં લેન્ટની મિટીંગ મળી જેને શ્રીમતી લીનાબેન આર્થરભાઈ પેટ્રીકના લગ્ન દિવસ નિમિત્તે સ્પોન્સર કરવામાં આવી. આભાર.
- તા. ૬-૪-૨૨ સાંજે ચર્ચમાં લેન્ટની મિટીંગ મળી. જેને શ્રીમતિ મહિમા એમ્બ્રોઝે પેટ્રીકના લગ્નદિવસ નિમિત્તે સ્પોન્સર કરવામાં આવી. આભાર.
- તા. ૮-૪-૨૨ સાંજે ચર્ચમાં લેન્ટની મિટીંગ મળી જેને મા. શાલીન એસ. માસ્ટરના જન્મ દિવસ નિમિત્તે સ્પોન્સર કરવામાં આવી. આભાર.
- તા. ૯-૪-૨૨ સાંજે ચર્ચમાં લેન્ટની છેલ્લી મિટીંગ મળી. જેમાં શ્રી આર્થરભાઈ એ. પેટ્રીક પરિવાર તરફથી સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. આભાર.
- તા. ૧૦-૪-૨૨ પામ સન્ડે ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ સ્વ. જીગ્નેશભાઈ દાસના સ્મરણાર્થે તેમના મમ્મી શ્રીમતી ડોરોથીબેન દાસ અને પત્ની શ્રીમતી રીનાબેન દાસ તરફથી સર્વ માટે કેક અને ચ્હાની વ્યવસ્થા કરવામાં આવી હતી. (તા. ૧૬-૪ સ્વ. જીગ્નેશભાઈનો જન્મ દિવસ હોવાથી) આભાર. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળી.
- તા. ૧૫-૪-૨૨ ગુડફ્રાઈડેની ભજનસેવા ચલાવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. આ ભજનસેવામાં રેવ. શાંતિલાલ એસ. ગોહેલ સાહેબને આમંત્રણ આપ્યું હતું. તેઓએ હાજર રહી વચનની સેવા આપી. શ્રીમતી ગ્રેસબેન એસ. ગોહેલ પણ સાથે આવ્યા હતા. ચર્ચના પ્રથમ પાળક તરીકે સેવા આપનાર અને ચર્ચ ૫૦ વર્ષની પૂર્ણતા તરફ છે તે પ્રસંગે તેઓનો આભારસહ ભાવભીનો આવકાર કરી ભેટ આપવામાં આવી.
- તા. ૧૬-૪-૨૨ સંયુક્ત વિશ્રાંતિ કબ્રસ્તાનમાં સ્વ. જીગ્નેશભાઈ દાસની યાદમાં કુટુંબ તરફથી સાઈન બોર્ડ મૂકવામાં આવ્યું. આ પ્રસંગે તેમની મમ્મી શ્રીમતી ડોરોથીબેન દાસ અને પત્ની રીનાબેન દાસ તરફથી કૌટુંબિક પ્રાર્થના સંગત રાખવામાં આવી હતી. તેમાં હાજર રહી પ્રભુનું વચન આપી પ્રાર્થનામાં દોર્યા. પરિવાર તરફથી શ્રી આલાપભાઈ જે માસ્ટરે સ્વ. જીગ્નેશભાઈ દાસના જીવન કાર્ય સંબંધી ઝાંખી આપી.
- તા. ૧૭-૪-૨૨ ઈસ્ટર સન્ડેની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા અને શ્રી ગૌરવકુમાર અરોરા પરિવાર તરફથી સર્વને કબાબ-સમોસાનો ભરપૂર નાસ્તો આપવામાં આવ્યો. પુષ્કળ આભાર.
- તા. ૧૮-૪-૨૨ સાંજે ૭-૦૦ કલાકે શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડના ઘરે સ્વ. સેમ્યુલભાઈ ડેવિડ અને સ્વ. સેફાલીબેન ડેવિડ પ્રભુમાં ઊંઘી ગયાના એક વર્ષ થતાં પ્રભુએ આ સમયમાં સંભાળ્યા, હૂંફ, દિલાસો અને હિંમત આપ્યાં તે યાદ કરતાં કૌટુંબિક પ્રાર્થના સંગત રાખવામાં આવી હતી. જેમાં પ્રભુનું વચન આપી પ્રાર્થનામાં દોર્યા.

## પુનરૂત્થાનની ધન્ય આશામાં દફનવિધિ

તા. ૧૩-૪-૨૨ના રોજ બ્રેન્તીયસભાઈ પી. પરીખ પ્રભુમાં ઊંઘી જતાં તેઓની દફન વિધિ કરવામાં આવી. પ્રભુ દુઃખી પરિવારને દિલાસો આપો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિનાર્પણ

| | | | |
|---|---|---|---|
| ૧. | જોય એ. ક્રિશ્ચિયન | લે.મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૨. | કુ. રોમી એ. ક્રિશ્ચિયન | લે.મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૩. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | લે.મિટીંગ | ૨૦૦-૦૦ |
| ૪. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૫. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | લે.મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૬. | શ્રી રાજ એસ. શાહ | આ.સ્તુતિ | ૧૦૦૦-૦૦ |
| ૭. | શ્રી રાજ એસ. શાહ | પુઅર ફંડ | ૧૦૦૦-૦૦ |
| ૮. | શ્રીમતી સુશીલાબેન એસ. ક્રિસ્ટી | લે.મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૯. | શ્રીમતી જુલિયેટ નોએલ ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦-૦૦ |
| ૧૦. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦-૦૦ |
| ૧૧. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | લે.મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૨. | શ્રી સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૧૩. | સેલીના એફ. ગોહેલ | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૧૪. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૫. | સ્વ. સેમ્યુલભાઈ એમ. ડેવિડના સ્મરણાર્થે શ્રી કોલિન એસ. ડેવિડ તરફથી | એ.ફંડ | ૫૫૦૦-૦૦ |
| ૧૬. | સ્વ. સેમ્યુલભાઈ એમ. ડેવિડના સ્મરણાર્થે શ્રી કોલિન એસ. ડેવિડ તરફથી | પુ.ફંડ | ૫૫૦૦-૦૦ |
| ૧૭. | શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૧૮. | શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ | મિશનેરી | ૫૦૦-૦૦ |
| ૧૯. | શ્રીમતી સુનંદાબેન વી. મેકવાન | આ.સ્તુ. | ૫૦૦-૦૦ |
| ૨૦. | શ્રીમતી મોના ડેનીયલ ક્રિશ્ચિયન સુરત - લગ્નના ૩૦ વર્ષ પૂર્ણ થવા બદલ | આ.સ્તુ. | ૧૦૦૦-૦૦ |
| ૨૧. | ડેઝીલ ડી. હેરી | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૨૨. | કુ. સેનીટા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |

## BIRTHDATES IN MAY

| તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|
| ૧/૫ | દિપાલી પી. પરિખ | ૧૭/૫ | મનોજકુમાર સી. ચૌહાણ |
| ૧/૫ | લીના બી. બોરકર | ૧૮/૫ | શરદભાઈ જે. માસ્ટર |
| ૫/૫ | નિલેશ બી. પરીખ | ૧૮/૫ | સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૬/૫ | નિપા ચિરાગ ચૌહાણ USA | ૧૯/૫ | ડોનાલ્ડ જી. મેકવાન U.S.A. |
| ૭/૫ | વેલેન્ટીના ફ્રાન્સીસ ગોહિલ | ૨૦/૫ | આગ્નેશબેન જે. માસ્ટર |
| ૧૦/૫ | એની એન્થની ક્રિશ્ચિયન | ૨૦/૫ | બેબી આન્યા ઓનિલ પેટ્રિક |
| ૧૦/૫ | ઉર્મિલાબેન આર. સોલંકી | ૨૨/૫ | ક્રિસ્ટીના ફ્રાન્સીસ ગોહિલ |
| ૧૫/૫ | જેશન જીમી ડેવિડ | ૨૬/૫ | નલીન આર. ક્રિશ્ચિયન |
| ૧૬/૫ | અરૂણાબેન સામી ગામડીઆ | ૩૧/૫ | રીયોન ઈમાનુએલ ખ્રિસ્તી |
| ૧૬/૫ | શૉન શેરીલ ક્રિશ્ચિયન | | |

## નાણાંકીય અહેવાલ માર્ચ -૨૦૨૨

| | | |
|---|---|---|
| તા. ૦૧-૩-૨૨ ની ઉઘડતી | સિલક | |
| | રોકડ | ૯૬,૪૮૪-૮૮ |
| | બેંકમાં | ૪,૯૩,૧૪૩-૧૪ |
| માર્ચ ૨૦૨૨ ની | આવક | ૨,૫૭,૭૦૦-૦૦ |
| | કુલ | ૮,૪૭,૩૨૮-૦૨ |
| તા.૩૧-૩-૨૨ની બંધ સિલક | | |
| | રોકડ | ૩,૪૫૨-૮૮ |
| | બેંક | ૭,૧૦,૪૭૭-૧૪ |
| માર્ચ-૨૨ ની | જાવક | ૧,૩૩,૩૯૮-૦૦ |
| | કુલ | ૮,૪૭,૩૨૮-૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર